**ફોજદારી કેસ નં. 205 / 2026**

**<u>–:: આંક–૧ હેઠળ હુકમ ::–</u>**

(૧) આ કામના ગુનાની ટુંક હકીકત એવી છે કે, આરોપીએ બનાવની તારીખ અને સમયે જાહેરમાં વગર પાસ પરમીટે કેફી પીણું પીધેલ હાલતમાં મળી આવેલા જેમને પોલીસે અટક કરી તપાસના અંતે આરોપી વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)બી મુ  જબનો ગુનો દાખલ કરી ચાર્જશીટ કરેલ છે.

(૨) સદર કામે ગુનાની ફરીયાદ અને ચાર્જશીટના પેપર્સ ધ્યાને લેવામાં આવે તો આ કામે આરોપીને પોલીસ તપાસના કાગળો મળેલાની ખાત્રી કર્યા બાદ સદર કામે આરોપી વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનાનું તહોમત હોય, આરોપીની પ્લી લેતાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવે છે. આરોપીના વિ.વ.શ્રી થી કબુલાત પુરશીષ રજુ રાખતા જે ધ્યાને લઈ આરોપીને ગુનાની મહત્તમ તથા ન્યુનતમ સજાની જોગવાઈઓનું તેમજ તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તેવી સમજ આપવામાં આવેલ છે. આમ છતાં આરોપીએ સ્વૈચ્છીક રીતે રાજીખુશીથી ગુનો કબુલ રાખેલ છે.

(૩) આરોપી સ્વેચ્છાપુર્વક ગુનાની કબુલાત કરતા હોય તેઓની કબુલાત સ્વીકારવામાં આવે છે અને તેઓની પુરશીષમાંની તેમજ મારી સમક્ષની ક્ષમાયાચના ધ્યાને લઈને તેઓ ગરીબ માણસ છે, ગુનાનો તેઓને પસ્તાવો છે, તેમજ તેઓ ફરીથી આવા પ્રકારનો ગુન્હો નહી કરે તેમ જણાવતા હોય તેમજ તેઓનો આ પ્રથમ કેસ છે, કુટુંબની સમગ્ર જવાબદારી તેઓના ઉપર છે તેમ જણાવી રહેમ રાખવા અરજ ગુજારેલ છે અને ગુનાનું સ્વરૂપ, ગુનાની માત્રા, ગુનાનો પ્રકાર અને પ્રમાણ ધ્યાને લઈને તેમજ ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરચંદજી ઠાકોરના કેસમાં નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને ધ્યાને લેતાં આરોપીને ન્યુનતમ સજાથી ઓછી સજા કરવા માટેના ખાસ અને વિશિષ્ટ કારણ હોવાનું જણાય છે, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

– આ કામના આરોપીને પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)બી ના ગુના માટે તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને દંડ **રૂ. ૧૦૦/–(અંકે રૂપિયા એક સો પુરા)** નો દંડ, દંડ ન ભરે તો દિન– ૨ ની સાદી કેદની સજા ફરમાવું છું. સદર આરોપીના જામીન તથા જાતમુચરકા રદ્દ કરવા.

હુકમ આજરોજ **તા.૧૧ મી માહે, જુલાઈ સને–૨૦૨૬** ના રોજ યોજાયેલ રાષ્ટ્રીય લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમાં વાંચી,સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૧ /૦૭ /૨૦૨૬
સ્થળઃ–દયાપર–કચ્છ.

**(હરપ્રિત સિંઘ)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
દયાપર–કચ્છ.

***જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,દયાપર–કચ્છ.***